**ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪માં સુધારા-વધારા કરવા બાબત.**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : મશબ/૨૦૦૨-૯૦૧-છ,
સચિવાલય, ગાંધીનગર

તારીખ ૩૦ એપ્રિલ, ૨૦૦૨
અને શિક્ષણ વિભાગના સરખા સુધારા ઠરાવ ક્રમાંક : તા. ૩૦-૫-૨૦૦૨

**વંચાણે લીધા :** ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો તા. ૨-૪-૨૦૦૨નો પત્રક્રમાંક : મશબ/ગ/ટિ.૬/૧૩૭૭૦

**ઠરાવ :**

ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨ (સને ૧૯૭૩ના ૧૮મા)ની કલમ ૫૩(૨)ની પેટાકલમ (૩)થી મળેલ સત્તાની રૂએ ગુજરાત સરકાર ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪માં નીચે મુજબનો ફેરફાર કરવાનું ઠરાવે છે :

| ક્રમાંક | વિનિયમ ક્રમાંક | જોગવાઈ |
|---|---|---|
| (૧) | ૨૭(અ)(૧)(૬) | **ટ્યુશન પર પ્રતિબંધ** |
| (૨) | ૨૭(અ)(૧)(૬) | **સ્પષ્ટતા - (૬) "ટ્યુશન પર પ્રતિબંધ** એટલે કે નોંધાયેલ માધ્યમિક શાળામાં શૈક્ષણિક કે બિનશૈક્ષણિક કર્મચારી પોતાની શાળાની બહાર મહેનતાણું લઈને કે લીધા સિવાય **ખાનગી ટ્યુશન કરી શકશે નહીં."** |
| (૩) | ૨૭(અ)(૨) શિક્ષા | રજિસ્ટર ખાનગી માધ્યમિક શાળાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારી વિનિયમ ૨૭(અ)(૧)ના ક્રમાંક : ૧ થી ૫માં દર્શાવેલ જોગવાઈના ભંગ માટે નીચેનામાંની કોઈ પણ શિક્ષાને પાત્ર ઠરશે, જ્યારે વિનિયમ ૨૭(અ)(૧)ના ક્રમાંક : ૬માં દર્શાવેલી જોગવાઈના ભંગ માટે નીચેના ક્રમાંક : ૫, ૬, ૭, ૮ પૈકીની કોઈ પણ શિક્ષાને પાત્ર ઠરશે. |
| (૪) | ૨૭(૭)(ઘ)નો પરંતુક | રદ કરવો. |
| (૫) | ૩૨(૨)(ક)(ખ)(ગ) | ૩૨ (૨)<br>"નોંધાયેલી માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કે બિનશૈક્ષણિક સ્ટાફ દ્વારા મહેનતાણું લઈને કે મહેનતાણું લીધા સિવાય **ખાનગી ટ્યુશન કરી શકાશે નહીં."** |
| (૬) | ૩૨(૪)નો પરંતુક અને સ્પષ્ટીકરણ | રદ કરવો. |
| (૭) | ૩૨(૫)(ક)(ખ) | રદ કરવો. |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી/-
**(બચુભાઈ નાયી)**
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦બી, ગાંધીનગર

ક્રમાંક : મશબ/ગ/ટિ.૬/૧૬૭૪૯-૮૨૮
ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૩૧-૫-૨૦૦૨

નકલ રવાના :
૧. બોર્ડના સર્વ સભ્યશ્રીઓ.
૨. તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઉક્ત વિનિયમનો ચુસ્તપણે અમલ થાય તે માટે આપના જિલ્લાની નોંધાયેલ માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક શાળાઓને જાણ કરવા સારુ.

સહી/-
(ડૉ. જી. કે. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નોંધ : ઉપરોક્ત ઠરાવોથી વિનિયમોમાં અમલમાં આવેલી નવી જોગવાઈઓની વિસ્તૃત વિગતો નીચે મુજબ છે.

---

## ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

### ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪

**શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ મશબ/૨૦૦૨/૯૦૧/ છ, તા. ૩૦/૪/૨૦૦૨ તથા તા. ૩૦/૫/૨૦૦૨ના સરખા સુધારા ઠરાવ ક્રમાંક અન્વયે અમલમાં આવેલી નવી જોગવાઈઓ.**

| ક્રમાંક | વિનિયમ ક્રમાંક | અગાઉની જોગવાઈઓ | અમલમાં આવેલી નવી જોગવાઈઓ |
|---|---|---|---|
| (૧) | ૨૭(અ)(૧)(૬) | – | **ટ્યુશન પર પ્રતિબંધ** |
| (૨) | ૨૭(અ)(૧)(૬) સ્પષ્ટતા | – | **સ્પષ્ટતા - (૬)** "**ટ્યુશન પર પ્રતિબંધ** એટલે કે નોંધાયેલ માધ્યમિક શાળામાં શૈક્ષણિક કે બિનશૈક્ષણિક કર્મચારી પોતાની શાળાની બહાર મહેનતાણું લઈને કે લીધા સિવાય **ખાનગી ટ્યુશન** કરી શકશે નહીં." |
| (૩) | ૨૭(અ)(૨) શિક્ષા | રજિસ્ટર ખાનગી માધ્યમિક શાળાના કોઈ પણ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારી વિનિયમ ૨૭(અ)(૧)માં દર્શાવેલી જોગવાઈઓના ભંગ માટે નીચેનામાંથી કોઈ પણ શિક્ષાને પાત્ર ઠરશે :<br>૧. ચેતવણી, ઠપકો (લેખિત).<br>૨. એક વર્ષથી વધુ નહીં તેવા સમય માટે ભવિષ્યમાં અસર ન કરે તે રીતે ઇજાફાની રૂકાવટ.<br>૩. એક વર્ષથી વધુ નહીં તેવા સમય માટે ભવિષ્યમાં અસર કરે તે રીતે ઇજાફાની રૂકાવટ.<br>૪. બેદરકારી અથવા હુકમના ભંગથી શાળાને થયેલ કોઈ આર્થિક નુકસાનની તેની પાસેથી | રજિસ્ટર ખાનગી માધ્યમિક શાળાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારી વિનિયમ ૨૭ (અ)(૧)ના ક્રમાંક : ૧ થી ૫માં દર્શાવેલ જોગવાઈઓનાં ભંગ માટે નીચેનામાંની કોઈ પણ શિક્ષાને પાત્ર ઠરશે, જ્યારે વિનિયમ ૨૭(અ)(૧)ના ક્રમાંક: ૬માં દર્શાવેલી જોગવાઈના ભંગ માટે નીચેના ક્રમાંક : ૫, ૬, ૭, ૮ પૈકીની કોઈ પણ શિક્ષાને પાત્ર ઠરશે :<br>૧. ચેતવણી, ઠપકો (લેખિત).<br>૨. એક વર્ષથી વધુ નહીં તેવા સમય માટે ભવિષ્યમાં અસર ન કરે તે રીતે ઇજાફાની રૂકાવટ.<br>૩. એક વર્ષથી વધુ નહીં તેવા સમય માટે ભવિષ્યમાં અસર કરે તે રીતે ઇજાફાની રૂકાવટ. |

| ક્રમાંક | વિનિયમ ક્રમાંક | અગાઉની જોગવાઈઓ | અમલમાં આવેલી નવી જોગવાઈઓ |
|---|---|---|---|
| | | અથવા તેના પગારમાંથી આખી કે આંશિક વસૂલાત.<br>૫. પાયરી ઉતાર (ફક્ત બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે).<br>૬. ભવિષ્યમાં માધ્યમિક શાળાની નોકરી માટે ગેરલાયક ઠરે તે રીતે નોકરીમાંથી બરતરફ.<br>૭. ભવિષ્યમાં માધ્યમિક શાળાની નોકરી માટે ગેરલાયક ઠરે નહીં તે રીતે નોકરીમાંથી રૂખસદ.<br>૮. ફરજિયાત નિવૃત્તિ. | ૪. બેદરકારી અથવા હુકમના ભંગથી શાળાને થયેલ કોઈ આર્થિક નુકસાનની તેની પાસેથી અથવા તેના પગારમાંથી આખી કે આંશિક વસૂલાત.<br>૫. પાયરી ઉતાર (ફક્ત બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે).<br>૬. ભવિષ્યમાં માધ્યમિક શાળાની નોકરી માટે ગેરલાયક ઠરે તે રીતે નોકરીમાંથી બરતરફ.<br>૭. ભવિષ્યમાં માધ્યમિક શાળાની નોકરી માટે ગેરલાયક ઠરે નહીં તે રીતે નોકરીમાંથી રૂખસદ<br>૮. ફરજિયાત નિવૃત્તિ. |
| (૪) | ૨૭(૭)(ઘ)નો પરંતુક | પરંતુ સંચાલકો માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટેની માન્ય હૉસ્ટેલમાં, હૉસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટ તરીકે કામ કરવાની શિક્ષકને છૂટ આપી શકશે અથવા ચિત્રકામ, વ્યાયામ, સંગીત વગેરે જેવા વિષયોના શિક્ષકોને, સંચાલક તાલીમ કૉલેજ અથવા કોઈ પણ માન્ય સંસ્થામાં અંશકાલીન શિક્ષક તરીકે કામ કરવા દઈ શકશે. આવા કેસોમાં અઠવાડિયામાં ત્રણ કલાકથી વધુ સમય માટે આ સંસ્થાઓ કામ કરવા દેશે નહીં. | રદ કરવો. |
| (૫) | ૩૨(૨)(ક)(ખ)(ગ) | (૨) કોઈ શિક્ષક દિવસમાં બે કલાક કરતાં વધુ સમય માટે **ખાનગી ટ્યુશન** કરી શકશે નહિ, તેમજ સદરહુ બે કલાકની મુદત દરમિયાન પાંચ કરતાં વધારે વિદ્યાર્થીઓને શીખવી શકશે નહીં. સિવાય કે-<br>(ક) તે આવું ટ્યુશન કરવાની જવાબદારી લે તે પહેલાં તેણે શાળાના ઉપરીની પરવાનગી મેળવી હોય, અને<br>(ખ) દરેક મહિનાની આખરે, જે વિદ્યાર્થીઓને તે ટ્યુશન આપતો હોય તેમના નામ, દરરોજ કેટલા સમય માટે તે આવું ટ્યુશન આપે છે તે, કયા ધોરણમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે તે અને કેટલું મહેનતાણું મળે છે તે દર્શાવતું તેણે સહી કરેલું પત્રક શાળાના ઉપરીને રજૂ કરવાનું તે કબૂલ કરે.<br>**સ્પષ્ટીકરણઃ** ''પાંચ વિદ્યાર્થીઓ'' એટલે તે જ પાંચ વિદ્યાર્થીઓ અને નહિ કે વિદ્યાર્થીઓનો સમૂહ.<br>(ગ) જે વિદ્યાર્થીઓને ખાસ શિક્ષણની અને શાળાના વિષયોમાં વ્યક્તિગત ધ્યાન આપવાની જરૂર હોય તે વિદ્યાર્થીઓ માટે રજિસ્ટર થયેલી માધ્યમિક શાળાના ઉપરી શાળાના સમય પછી, શાળામાં ખાસ વર્ગોની વ્યવસ્થા કરી શકશે. દરેક વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા સામાન્ય રીતે ૧૫ થી | ૩૨(૨)<br>''નોંધાયેલી માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કે બિનશૈક્ષણિક સ્ટાફ દ્વારા મહેનતાણું લઈને કે મહેનતાણું લીધા સિવાય **ખાનગી ટ્યુશન** કરી શકાશે નહીં.'' |

| ક્રમાંક | વિનિયમ ક્રમાંક | અગાઉની જોગવાઈઓ | અમલમાં આવેલી નવી જોગવાઈઓ |
|---|---|---|---|
| | | વધવી જોઈશે નહીં. માતાપિતા અથવા વાલીને, તેમના બાળકને આ વર્ગમાં મોકલવા માટે દબાણ કરવું નહિ. આવા ખાસ શિક્ષણ માટે ફી લઈ શકાશે પણ આ વર્ગોમાં દિવસ દીઠ એક કલાક કરતાં વધારે કામ કરતાં શિક્ષકોને આપવાનાં વાજબી મહેનતાણાં અંગે આવશ્યક ખર્ચને પહોંચી વળવા માટે જોઈતી રકમ કરતાં તે ફી વધવી જોઈએ નહીં. તેમ છતાં, આ ફી વિનિયમ ૩૨(૨)(ક)માં ઉલ્લેખેલ બે કલાકના ટ્યુશન કામ ઉપરાંતની રહેશે.<br>આવા વર્ગોની વ્યવસ્થા કરવામાં આવે ત્યારે વિદ્યાર્થીઓની સંખ્યા, લેવાની ફીનો દર અને ખાસ વર્ગોમાં કામ કરતા શિક્ષકોના નામ વિશેની માહિતી અધિકારીને મોકલવી જોઈશે. આવક અને ખર્ચનો હિસાબ અલગ રાખવો જોઈશે, જે અધિકારીની તપાસ માટે ખુલ્લો રહેશે. | |
| (૬) | ૩૨(૪)નો પરંતુક અને સ્પષ્ટીકરણ | પરંતુ આવા વર્ગમાં ટ્યુશન આપવામાં કોઈ શિક્ષક જે સમય ગાળે તે સમય, આ વિનિયમોથી મૂકેલી **ખાનગી ટ્યુશન**ની બે કલાકની સમય મર્યાદા સામે મજરે આપવામાં આવશે.<br>**સ્પષ્ટીકરણ :** આ વિનિયમના હેતુઓ માટે તાલીમ વર્ગ એટલે જે સ્થળે અંદરની અથવા બહારની પરીક્ષાની તૈયારી કરવા માટે **ખાનગી ટ્યુશન લેનાર** વિદ્યાર્થીઓની સંખ્યા પાંચ કરતાં વધારે થાય તે સ્થળ. | રદ કરવો. |
| (૭) | ૩૨(૫)(ક)(ખ) | (૫)(ક) અશંકાલિક શિક્ષકે કોઈ **ખાનગી ટ્યુશન**ની જવાબદારી લેતાં પહેલાં, શાળાના ઉપરીની પૂર્વ પરવાનગી મેળવવી જોઈએ અને જો તેવી પરવાનગી આપવામાં આવી હોય તો ખંડ (૨)(ખ)માં ઠરાવ્યા પ્રમાણેનાં માસિક પત્રકો ઉપરીને સાદર કરવા જોઈશે.<br>(ખ) અશંકાલિક શિક્ષકે એક અથવા વધારે શાળામાં શીખવવામાં ગાળેલા કલાકો અને **ખાનગી ટ્યુશન**માં તેણે ગાળેલા કલાકોની કુલ સંખ્યા શાળામાં શીખવવામાં ગાળેલા કલાકોની એકંદર સંખ્યા અને પૂર્ણકાલિક શિક્ષકને **ખાનગી ટ્યુશન** લેવા માટે પરવાનગી આપેલા કલાકોની સંખ્યા કરતાં વધવા જોઈશે નહિ.<br>પરંતુ **ખાનગી ટ્યુશન**માં અશંકાલિક શિક્ષકે ગાળેલા કલાકોની કુલ સંખ્યા દિવસના ચાર કલાક કરતાં વધવી જોઈશે નહિ. | રદ કરવો. |